# State visit of Vice President of India to Senegal (1-3 June, 2022)

June 04, 2022

# ભારતનાં ઉપ રાષ્ટ્રપતિની સેનેગલની સ્ટેટ મુલાકાત (1-3 જૂન, 2022)

04 જૂન, 2022

તેઓનાં ત્રણ રાષ્ટ્રોનાં પ્રવાસનાં ભાગરૂપે, ભારતનાં માનનીય ઉપ રાષ્ટ્રપતિ શ્રી એમ. વેંકૈયા નાયડુનું 1-3 જૂન, 2022 સુધી સેનેગલમાં ભારતથી સૌપ્રથમ ઉચ્ચ-સ્તરીય દ્વિપક્ષિય સ્ટેટ મુલાકાતમાં 1 જૂનનાં રોજ સેનેગલમાં આગમન થયું હતું. ભારતનાં ઉપ રાષ્ટ્રપતિ સાથે આરોગ્ય અને પરિવાર કલ્યાણ માટેનાં રાજ્ય કક્ષાનાં મંત્રી ડૉ. ભારતી પ્રવિણ પવાર અને ત્રણ સંસદ સભ્યો, શ્રી સુશિલ કુમાર મોદી (રાજ્ય સભા), શ્રી વિજય પાલ સિંઘ તોમર (રાજ્ય સભા) અને શ્રી પી. રવિન્દ્રનાથ (લોક સભા) સહિતનાં ઉચ્ચ-સ્તરીય પ્રતિનિધિ મંડળ આવ્યું હતું. આ મુલાકાત આફ્રિકા સાથે નિકટતાથી જોડાણ કરવાની આપણી પ્રતિબદ્ધતાનું મહત્વ પ્રદાન કરે છે. તેઓનાં આગમન પર, સેનેગલનાં વિદેશ મંત્રી મહામહિમ શ્રીમતિ એઈસાતા તાલ સાલ દ્વારા સસ્નેહ સ્વાગત કરવામાં આવ્યું હતું.

2.મુખ્ય સામેલગીરી દિવસ 1 જૂન નાં રોજ હતો, જેમાં ભારતનાં ઉપ રાષ્ટ્રપતિએ રાષ્ટ્રપતિ શ્રીમાન મેકી સાલ સાથે એક સામે એક સ્તરની વાર્તા કરી હતી, જેઓએ રાષ્ટરપતિ ભવન પર તેઓનું ઉષ્માપૂર્ણ રીતે સ્વાગત કર્યું હતું અને ત્યારબાદ પ્રતિનિધિ મંડળ સ્તરની વાર્તાઓ કરવામાં આવી હતી. સેનેગલનાં રાષ્ટ્રપતિએ અગાઉ 2015 અને 2017 માં ભારતમાં તેઓની મુલાકાતને  સહર્ષ યાદ કરી હતી. બન્ને નેતાઓએ પારસ્પરિક હિતનાં પ્રાંતિય અને બહુપક્ષીય મુદ્દાઓ સહિતનાં દ્વિપક્ષીય સંબંધોનાં સમગ્ર પાસાઓની સમીક્ષા કરી હતી. બન્ને નેતાઓએ સક્રિય આર્થિક સામેલગીરીની પણ ચર્ચા કરી હતી અને ખાસ કરીને કૃષિ, ઊર્જા, આરોગ્ય, રેલ્વે, ખાણકામ, આવાસ, તેલ અને ગેસ, સંરક્ષણ વગેરે સહકારનાં નવા ક્ષેત્રોની ઓળખ કરી હતી. બન્ને નેતાઓએ મહત્વનાં સેક્ટરોમાં કૌશલ્ય વિકાસ/તાલીમમાં સહકાર માટેની જરૂરીયાતની નોંધ લીધી હતી. બન્ને પક્ષોએ ત્રણ એમઓયુ પર હસ્તાક્ષર કર્યા હતા, દા.ત. યુવા બાબતોમાં સહકાર, કલ્ચરલ એક્સચેંજ પ્રોગ્રામ (સીઈપી) અને રાજદ્વારીઓ/અધિકારીઓ માટે વિઝા માફી સમજૂતિ માટેનાં એમઓયુ.

3. ઉપ રાષ્ટ્રપતિએ નેશનલ એસેમ્બલીનાં અધ્યક્ષ માનનિય મુસ્તફા નિયાસે સાથે પણ બેઠક કરી હતી, જેમાં સેનેગલની સંસદનાં કેટલાક સભ્યો પણ હાજર રહ્યા હતા. બન્ને પક્ષોએ લોકતાંત્રિત મૂલ્યો અને પરંપરાઓ જાળવી રાખવામાં આગેવાનોની પ્રસંશા કરી હતી અને નિયમિત સંસદીય આદાનપ્રદાનો કરવા સંમત થયા હતા ઉપ રાષ્ટ્રપતિએ નેશનલ એસેમ્બલીનાં અધ્યક્ષને બારતની મુલાકાત પર આવવા માટે આમંત્રણ પાઠવ્યું હતું.

4. ઉપ રાષ્ટ્રપતિએ સેનેગલમાં સીઆઈઆઈ દ્વારા આયોજીત બિઝનેસ ઈવેન્ટમાં સંબોધન કર્યું હતું, જેમાં ખોજ મુલાકાત પરનાં 15 સભ્યોનાં પ્રતિનિધિ મંડળની આગેવાની કરી હતી. ભારતનાં ઉપ રાષ્ટ્રપતિએ સેનેગલમાં નાનકડા પરંતુ વાઈબ્રન્ટ ભારતીય સમુદાય સાથે સંવાદ પણ કર્યો હતો. ભારતનાં ઉપ રાષ્ટ્રપતિએ "તિરંગા-તેરાંગા: ભારત અને સેનેગલ વચ્ચે રાજદ્વારી સંબંધોનાં 60 વર્ષ" વિષય પર ડાકારમાં યુનિવર્સિટી શેખ અન્ટા ડિઓપ (યુસીએડી) ખાતે જાહેર વક્તવ્ય પણ આપ્યું હતું.

5. બન્ને પક્ષોએ સંયુક્ત રાષ્ટ્ર પર અને અન્ય આંતરરાષ્ટ્રિય મંચો પર એકબીજાની ઉમેદવારોને પારસ્પરિક સમર્થન આપવાની પ્રસંશા કરી હતી. 7 જુલાઈ 2022 નાં રોજ યોજાનાર ચૂંટણીઓમાં આઈએફએએલનાં પ્રમુખ માટેનાં આપણા ઉમેદવારને સમર્થન આપવા માટેની આપણી વિનંતી પર, સેનેગલની આગેવાનીએ યોગ્ય વિચારણા કરવાનો સંકેત આપ્યો હતો.

6. આ મુલાકાત દરમિયાન, ઉપ રાષ્ટ્રપતિએ ભારતીય અનુદાન સહાયતાથી બનાવેલ ડાકારમાં એન્ટ્રપ્રેન્યુરશિપ ડેવલપમેન્ટ એન્ડ ટેકનોલોજી સેન્ટર (સીઈડીટી) નાં તબક્કા-II એપગ્રેડેશનની જાહેરાત કરી હતી, અને સેનેગલનાં જાહેર સેવકો માટે ખાસ આઈટીઈસી પ્રાવિણ્ય પ્રોગ્રામ  પણ ઑફર કર્યો હતો અને સુષ્મા સ્વરાજ ઇન્સ્ટિટ્યુટ ઑફ ફોરેન સર્વિસીસ પર 15 સેનેગલીઘ રાજદ્વારીઓની બેચ માટે ખાસ તાલીમ પ્રોગ્રામની ઘોષણા પણ કરી હતી.

7. આ મુલાકાત દરમિયાન, ઉપ રાષ્ટ્રપતિએ રેનેસાન્સ મોન્યુમેન્ટ અને બ્લેક સિવિલાઇઝેશનનું મ્યુઝિયમ સહિત ડાકારમાં કેટલાક ઐતિહાસિક સ્થળોની મુલાકાત લીધી હતી. તેઓએ સમકાલીન આફ્રિકન કળા અને રચનાત્મકતાનું પ્રદર્શન કરતા આંતરરાષ્ટ્રિય આર્ટ એક્ઝિબિશન, ડાકાર બિનાલેની પણ મુલાકાત લીધી હતી.

8. ભારત અને સેનેગલ સ્નેહપૂર્ણ અને મૈત્રીપૂર્ણ સંબંધો ધરાવે છે, લોકતંત્ર અને ધર્મનિરપેક્ષતાનાં સામાન્ય મૂલ્યો શેર કરે છે, સાથો સાથ પ્રબળ આર્થિક જોડાણ અને વિકાસ સહકાર ધરાવે છે. ભારત અને સેનેગલ રાજદ્વારી જોડાણોની સ્થાપનાની 60મી વર્ષગાંઠની ઉજવણી તરીકે થયેલી ઉપ રાષ્ટ્રપતિની સ્ટેટચ મુલાકાતે બન્ને દેશનાં લોકોમાં પારસ્પરિક લાભો માટે સંબંધો વધારે ઉંડા બનાવવા માટેની પ્રતિબદ્ધતા પર મનોમંથન કરી અને પુનઃઉચ્ચારણ કર્યું હતું.

**ડાકાર**
**04 જૂન, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.